
Date :- 13-12-2024
Sandesh, Page-05, Surat






### સુવિધાસભર વિશાળ માળખા ઉપરાંત સુરત રેલવે સ્ટેશન પર વધારાના બે પ્લેટફોર્મ બનશે

# માર્ચ-'27 સુધીમાં સુરત સ્ટેશનનું રિડેવલપમેન્ટ થઇ જશે

**પૂરઝડપ** | સ્ટેશન વિકસાવવાની કામગીરી શરૂ થયાના અઢી વર્ષમાં 25 ટકા કામગીરી પૂર્ણ થઇ ચૂકી છે

। સુરત ।

સુરત રેલવે સ્ટેશન વિકાસાવવાની કામગીરી શરૂ થયાના અઢી વર્ષનો સમય પૂરો થયો છે ત્યારે અત્યાર સુધીમાં ૨૫ ટકા સુધીની કામગીરી પૂરી કરી દેવામાં આવી છે. તેમજ સમગ્ર સ્ટેશન રિડેવલપ કરવાની કામગીરી આગામી માર્ચ ૨૦૨૭ના અંત સુધીમાં પૂરી કરી દેવામાં આવે તેવો દાવો કરવામાં આવ્યો છે.

સુરત રેલવે સ્ટેશન વિકસાવવા માટે રેલવે, જીએસઆરટીસી અને સુરત મહાનગરપાલિકા વચ્ચે ૧૭ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ એમઓયુ સાઇન કરવામાં આવ્યું હતું. ત્યારે પીપીપી ધોરણે સ્ટેશન વિકસાવવાની વાત હતી, પરંતુ ડેવલપર આગળ નહીં આવતા આ માટે બનાવવામાં આવેલી એજન્સી સીટકોએ જ તમામ કામગીરી કરવાનો નિર્ણય કર્યો હતો. તે માટે સરવે સહિતની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૮ જૂન, ૨૦૨૨ના રોજ રિડેવલપ કરવાની કામગીરી કરવાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જ્યારે ૧૫ જાન્યુઆરી ૨૦૨૩થી કામગીરી સ્થળ પર શરૂ કરવામાં આવી હતી. તે વાતને અઢી વર્ષ કરતાં વધુ સમય વીતી ગયો છે ત્યારે ૨૫ ટકાની આસપાસની કામગીરી સ્થળ પર પૂરી કરી દેવામાં આવી હોવાનો દાવો રેલવેના પીઆરઓ વિનીત અભિષેકે કર્યો છે. જોકે શરૂઆતમાં સ્થળ પર જમીનના કબજા લેવાના, વાયર શિફટ કરવા સહિતની કામગીરીને લીધે થોડું મોડું થયું હતું. પરંતુ હવે પૂરજોશમાં કામગીરી ચાલી રહી હોવાના લીધે આગામી માર્ચ ૨૦૨૭ના અંતમાં મોટાભાગની કામગીરી પૂરી કરી દેવામાં આવનાર હોવાની વાત કરવામાં આવી છે. આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં સીટકોના ડીજીએમ જતીન શાહ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## વરાછા તરફ બમણાથી પણ વધુ વિસ્તારમાં સ્ટેશન પરિસર બનશે

સુરત રેલવે સ્ટેશન તરફ ૨૬ હજાર સ્કવેર મીટર વિસ્તારમાં સ્ટેશનને રિડેવલ કરીને વિકસાવવામાં આવનાર છે. જ્યારે વરાછા તરફ ૬૬ હજાર સ્કવેર મીટર વિસ્તારમાં સ્ટેશન પરિસર બનાવવામાં આવનાર છે. આ માટેની કામગીરી હેઠળ જ પ્લેટફોર્મ નંબર ચારની તમામ કામગીરી પૂરી કરી દેવામાં આવી છે. જ્યારે આગામી દિવસોમાં પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ પર કામગીરી શરૂ કરવામાં આવનાર છે. આ કામગીરી ડિસેમ્બરના અંત સુધીમાં શરૂ કરવા માટેની તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. આ માટે કઇ ટ્રેન કયા સ્ટેશનથી રવાના થશે તેની તૈયારી કરી દેવામાં આવ્યા પછી સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

## સુરત રેલવે સ્ટેશન પર વધારાના બે પ્લેટફોર્મ બનાવાશે

સુરત રેલવે સ્ટેશન પર હાલમાં ચાર પ્લેટફોર્મ કાર્યરત છે. તેમાં બે પ્લેટફોર્મ વધારવામાં આવનાર છે. તે પૈકી એક પ્લેટફોર્મ રેલવે ગુડ્ઝ યાર્ડ તરફ બનાવવામાં આવશે. જ્યારે બીજુ પ્લેટફોર્મ પાર્સલ ઓફિસની આગળના ભાગે બનાવવામાં આવનાર છે. રેલવે ગુડ્ઝ યાર્ડ તરફ બનાવવામાં આવનાર પ્લેટફોર્મ પરથી સુરતથી મુંબઇ તરફ રવાના થતી ટ્રેન દોડાવવામાં આવશે. જ્યારે અમદાવાદ અને વડોદરા તરફની ટ્રેન પાર્સલ ઓફિસની આગળના ભાગે બનાવવામાં આવનાર પ્લેટફોર્મ પરથી જ રવાના કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે નવા બનાવવામાં આવનાર પ્લેટફોર્મ પરથી સુરતથી જ ઉપડતી ટ્રેન દોડાવવામાં આવનાર ટ્રેન રવાના થશે.

## તમામ માસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા નજીકમાં જ મળી રહેશે

સામાન્ય રીતે ટ્રેન, એસટી અને સિટી બસની સુવિધા અલગ અલગ જગ્યા પર હોવાના લીધે લોકોને તકલીફ પડતી હોય છે. જ્યારે સુરત રેલવે સ્ટેશન રિડેવલપ થયા પછી ટ્રેન, સિટી બસ, બીઆરટીએસ, એસટી અને મેટ્રો સહિતની સુવિધા એક જ પરિસરમાં મળી રહે તે પ્રમાણેનું આયોજન રેલવે સ્ટેશન વિકસાવતી વખતે કરવામાં આવ્યું છે. તેના કારણે મુસાફર ટ્રેનમાંથી ઉતરીને કોઇ પણ માસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો ઉપયોગ કરી શકશે. તેવી જ રીતે એરપોર્ટ પર ફ્લાઇટમાં ઉતરીને ટ્રેન પકડવી હશે તો તે પ્રમાણેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રમાણેની વ્યવસ્થાનું આયોજન સંભવતઃ સમગ્ર ગુજરાતમાં એક માત્ર સુરત રેલવે સ્ટેશન પર જ કરવામાં આવ્યું છે.